# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ ૨૫૫૧ ❖ વૈશાખ પૂર્ણિમા ❖ ૨ મે, ૨૦૦૭ ❖ વર્ષ - ૮ ❖ અંક - ૨ ❖ સળંગ અંક - ૮૬


## ધમ્મવાણી

न जच्चा वसलो होति, न जच्चा होति ब्राह्मणो ।
कम्मुना वसलो होति, कम्मुना होति ब्राह्मणो ॥

वसलसुत्त – २७

નથી કોઈ જાતિથી વૃષલ (ચાંડાળ) હોતું, નથી કોઈ જાતિથી બ્રાહ્મણ હોતું. કર્મથી જ કોઈ વૃષલ થાય છે - કર્મથી જ બ્રાહ્મણ.

## બુદ્ધ અને ધર્મ (૬)

કોઈ સમ્યક્ સંબુદ્ધ દ્વારા પ્રકાશિત, પ્રસારિત શુદ્ધ ધર્મ સમય વીતતાં વિકૃત થઈ જાય છે તો વિલુપ્ત જ થઈ જાય છે. આવી અવસ્થામાં જનસમાજ ધર્મનો સાચો અર્થ જ ભૂલી જાય છે, એને ધારણ કરવો તો દૂરની વાત.

કોઈ વ્યક્તિમાં સામાન્ય શીલ-સદાચારનું પણ નામોનિશાન નથી હોતું, ચિત્ત-સંયમ અને ચિત્ત-વિશુદ્ધિની તો વાત જ શી? પરંતુ આવી વ્યક્તિ કોઈ ખાસ જાતિમાં જન્મ પામી લેવાને કારણે જાત્યાભિમાનથી ભરાઈ ઊઠે છે. જન્મને કારણે જ પોતાની જાતને ધાર્મિક માની બેસે છે. અન્ય જાતિવાળાને હીન માનીને એમના પ્રત્યે ઘૃણા કરે છે. એનો પડછાયો પણ એને અસહ્ય થઈ પડે છે. ધર્મ પોતાની અવનતિની ચરમ સીમા પર પહોંચી જાય છે, જ્યારે એક ખાસ જાતિના લોકો દ્વારા રચાયેલા ધર્મશાસ્ત્ર એવી ઘોષણા કરે છે કે એમની જાતિની વ્યક્તિ ગમે તેટલી દુશ્શીલ, દુરાચારી અને દુર્ગુણી કેમ ન હોય, પરંતુ એ પૂજન અને માન- સન્માનની અધિકારી છે. આથી વિપરિત કોઈ અન્ય જાતિની વ્યક્તિ ગમે તેટલી શીલવાન - સદાચારી હોય, સદ્ગુણી હોય, સદ્જ્ઞાની હોય, પરંતુ એ પૂજ્ય નહીં, બલ્કે પશુઓની માફક પ્રતાડિત કરવાની (મારવાની) અધિકારી છે. આવી વ્યક્તિઓને માટે જાતિવાદ જ ધર્મ બની ગયો છે. ધર્મ, ધર્મ ન રહ્યો.

આ પ્રકારે કોઈ વ્યક્તિ કોઈ ખાસ સંપ્રદાયમાં જન્મે છે અને પોતાને આ ખાસ સંપ્રદાયનો સદસ્ય માનીને અભિમાનથી ભરાઈ ઊઠે છે પોતાની જાતને મોટો ધાર્મિક માને છે; ભલે એનામાં શીલ- સદાચારનું નામોનિશાન ન હોય, ચિત્ત - સંયમ અને ચિત્ત- વિશુદ્ધિ જરા પણ ન હોય, એટલું જ નહીં, એ પોતાના સંપ્રદાયની નિમ્નમાં નિમ્ન (હલકામાં હલકી) વ્યક્તિને સારો માણસ માને છે અને કોઈ બીજા સંપ્રદાયની શીલવાન, સદાચારી, ગુણવાન વ્યક્તિને પણ હેય (તિરસ્કારયોગ્ય) માને છે. એને માટે પોતાનો સંપ્રદાય જ ધર્મ બની ગયો છે. ધર્મ, ધર્મ ન રહ્યો.

કોઈ વ્યક્તિ પોતાના કુળમાં પરંપરાગત પૂજાનારા કોઈ દેવી-દેવતા, ઈશ્વર-બ્રહ્મનું વિધિવત પૂજન- અર્ચન કરી લે છે. પર્વ-તહેવાર ઊજવી લે છે. વ્રત- ઉપવાસ કરી લે છે. પરંપરાગત કર્મકાંડ કરી લે છે. તીર્થાટન કરી લે છે. કોઈ નદી, સરોવર કે સાગરમાં સ્નાન કરી લે છે અને પોતાની જાતને એ જ કારણે મોટી ધાર્મિક વ્યક્તિ માની લે છે; ભલે તે દુશ્શીલ હોય, દુરાચારી હોય, અસંયમી હોય અને મેલા ચિત્તવાળી હોય. પોતાની પરંપરા દ્વારા માન્ય કર્મકાંડોને પૂરા કરી લેવાના મિથ્યા અભિમાનમાં બીજાના પરંપરાગત કર્મકાંડોને હીન સમજે છે. એ વ્યક્તિને માટે પોતાની પરંપરાવાળા કર્મકાંડ જ ધર્મ બની જાય છે. ધર્મ, ધર્મ નથી રહેતો.

કોઈ વ્યક્તિની પત્ની મરી જાય અથવા એની સંપત્તિ નષ્ટ થઈ જાય અથવા એનો પોતાના પરિવારજન સાથે ઝઘડો થઈ જાય અથવા કોઈ ક્ષણિક ભાવાવેશના સમયે એનામાં મુમુક્ષુભાવ જ જાગી જાય અને તે ઘર છોડીને સંન્યાસી થઈ જાય તો આ જ કારણે પોતાને મહાન માનવા લાગે છે. આ ગૃહત્યાગીઓમાં પણ કોઈ પીળું બહાનું પહેરે છે, કોઈ સફેદ, કોઈ કાળું અથવા કોઈ નગ્ન જ રહે છે. કોઈ શિરના વાળ વધારે છે, કોઈ દાઢી- મૂંછ વધારે છે, અને કોઈ એને મુંડાવે છે અને કોઈ એને ઉખેડાવે છે અને એક બાહ્ય આડંબરવાળી વ્યક્તિ બીજા બાહ્ય આડંબરવાળાને હલકા માને છે. ભલે એના (પોતાના)માં શીલ- સદાચાર, ચિત્ત- સંયમ અને ચિત્ત-વિશુદ્ધિનું નામ પણ ન હોય પણ તે પોતાની જાતને બહુ ધર્મવાન માને છે. બીજા પ્રત્યે ઘૃણા કરે છે. પોતાની ભીતર અહંકાર જગાડે છે. તે વેશભૂષા અને બાહ્યાડંબરને જ ધર્મ માની બેઠો છે. શીલવાન - સદાચારી હોવું, સંયમચિત્ત હોવું, વિશુદ્ધચિત્ત હોવું એના માટે અનિવાર્ય નથી રહેતું. એના માટે ધર્મ, ધર્મ નથી રહેતો.

આ પ્રકારે એક વ્યક્તિ કોઈ એક પ્રકારની દાર્શનિક માન્યતા માને છે. બીજી બીજા પ્રકારની કોઈ આત્મવાદી છે, કોઈ નૈરાત્મવાદી, કોઈ ઈશ્વરવાદી છે, કોઈ નિરીશ્વરવાદી, કોઈ સગુણ- સાકારવાદી છે, કોઈ નિર્ગુણ - નિરાકારવાદી; કોઈ ત્રૈતવાદી, કોઈ દ્વૈતવાદી, કોઈ અદ્વૈતવાદી, કોઈ અવ્યયવાદી, કોઈ દ્વૈતાદ્વૈતવાદી, કોઈ વિશિષ્ટાદ્વૈતવાદી. આમ ભિન્ન ભિન્ન મતવાદી વ્યક્તિ પોતાના દાર્શનિક મતવાદને જ ધર્મ માને છે અને જે તે મતને કેવળ માનવાને કારણે જ પોતાની જાતને ધર્મવાન માની લે છે, ભલે એનામાં શીલ- સદાચારનું નામોનિશાન ન હોય, ભલે એનામાં ચિત્તની એકાગ્રતા ન હોય, કે ન નિર્મળતા (હોય) એના માટે ધર્મ, ધર્મ ન રહ્યો.

આમ, જાતિ, સંપ્રદાય, વેશભૂષા, કર્મકાંડ અથવા દાર્શનિક માન્યતાને જ ધર્મ માનવાવાળી વ્યક્તિ ઘણું કરીને શુદ્ધ ધર્મથી વંચિત રહી જાય છે. એમાંથી જ કોઈ એવી (વ્યક્તિ) પણ નીકળે છે જે બુરામાં બુરું કામ કરતાં પણ નથી અચકાતી. 'મારો ધર્મ ખતરામાં છે', 'મારા ધર્મની રક્ષા કરવાની છે' આમ ધર્મના નામ પર ધર્માંધતા અને ભાવાવેશ જગાડીને કોઈ અન્ય સંપ્રદાયની નિતાંત નિર્દોષ વ્યક્તિની હત્યા કરતાં, એનું લોહી રેડતાં, બાળી નાખતાં, બળાત્કાર કરતાં જરા પણ નથી અચકાતો. બલ્કે, આ દુષ્કર્મ કરવામાં મોટું પુણ્ય, મોટો રૂઆબ, મોટું ગૌરવ માને છે. આમ છોતરાં, પ્રમુખ-પ્રબળ થઈ જાય છે અને શુદ્ધ ધર્મનો સાર છૂટી જાય છે. એનું પાલન કરવાનું તો બિલકુલ છૂટી જાય છે. અતઃ ધર્મના નામે પાપ ફેલાય છે, દુરાચાર ફેલાય છે.

આવા સમયે કોઈ વ્યક્તિ બુદ્ધ થાય છે અથવા કોઈ બોધિસત્ત્વ બુદ્ધ બનવાના માર્ગ પર આરૂઢ થાય છે તો શુદ્ધ સર્વજનીન ધર્મની પુનઃ સ્થાપના કરે છે. ધર્મના નામ પર ભૂલ્યાં- ભટકયાં લોકોને સાચા ધર્મનો રસ્તો દેખાડે છે, લોકમંગલ કરે છે, લોકકલ્યાણ કરે છે. કોઈ સાચે જ બુદ્ધ હશે તો સર્વજનીન ધર્મની જ સ્થાપના કરશે; બૌદ્ધ ધર્મની નહીં, અથવા બૌદ્ધ સંપ્રદાયની નહીં. અન્યથા બુદ્ધ નહીં હોય, કોઈ સંપ્રદાયની અથવા કોઈ

મતમતાંતરની સ્થાપના કરનારામાંનો એક હશે.

શુદ્ધ ધર્મની સ્થાપના કરશે તો સાર અને છોતરાંનો ભેદ બતાવશે, સાર ગ્રહણ કરતાં શીખવશે અને છોતરાંને નિઃસાર સમજીને ત્યાગવાનું શીખવશે. ધર્મનો સાર છે શીલ- સદાચારનું જીવન, ચિત્ત પર સંયમ અને ચિત્તની શુદ્ધતા. ધર્મના સિદ્ધાંતોનો સ્વીકાર કરી લેવો માત્ર જ ધર્મ નથી. ધર્મને ધારણ કરવાવાળી વ્યકિત જ સાચા અર્થમાં ધાર્મિક છે. અતઃ કોઈ બુદ્ધ હશે તો ધર્મના આ સારને કેવળ સ્વીકાર કરતાં જ નહીં શીખવે, બલ્કે એને ધારણ કરતાં શીખવશે.

સમાજમાં નાત-જાતના આધાર પર ઊંચ-નીચની માન્યતા શુદ્ધ ધર્મની બિલકુલ વિરૂદ્ધ હોય છે, જો કે શુદ્ધ ધર્મના ક્ષેત્રમાં પણ કોઈ વ્યકિત ઊંચી અને કોઈ વ્યકિત નીચી અવશ્ય હોય છે. પણ એને માપવાનો માપદંડ એ જ છે કે જે વ્યકિત ધર્મ ધારણ કરવામાં જેટલી અધિક સબળ થઈ, એ વ્યકિત એટલી જ ઊંચી છે. જે વ્યકિત ધર્મ ધારણ કરવામાં જેટલી દુર્બળ છે એટલી જ નીચી છે. પરંતુ જે વ્યકિત ધર્મ ધારણ કરવામાં દુર્બળ હોવાને કારણે બીજાથી નીચી છે, એને છૂટ છે, પૂરી સુવિધા છે કે તે ધર્મ ધારણ કરવામાં સબળ બને; એટલે કે શીલવાન, સમાધિવાન તથા પ્રજ્ઞાવાન બને અને આ પ્રકારે ઊંચી બને. પોતાના ચિત્તને નિતાંત નિર્મળ કરતાં કરતાં વીતરાગ બને, અર્હંત બને, બુદ્ધ બને અને ધર્મના ક્ષેત્રમાં બધાંથી ઊંચી બને, બધાંની પૂજ્ય બને. આવા બનવામાં એને માટે કોઈ બાધા નહીં, રોકટોક નહીં, અડચણ નહીં. જાતિ કે સંપ્રદાયના વાડા એને રોકી નથી શકતા.

જો આવું છે તો જ ધર્મ શુદ્ધ ધર્મ છે. ધારણ કરવા યોગ્ય છે. સર્વજન હિતકારી ધર્મ છે.

આવો ! સાધકો ! આવો સર્વજનીન ધર્મ ધારણ કરીએ અને પોતાનું તથા બીજાનું મંગલ સાધીએ.

મંગલમિત્ર
સત્યનારાયણ ગોયન્કા

## સમગ્ર સૌરાષ્ટ્ર તેમ જ ધમ્મકોટમાં થતી વિપશ્યના સાધના અંગેની માહિતી

### ધમ્મકોટની તમામ શિબિરોનું રજીસ્ટ્રેશન(નોંધણી) સૌરાષ્ટ્રના સમગ્ર સંપર્ક સ્થાનોએ થઈ શકે છે.

**વર્ષ ૨૦૦૭ માટે સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર, ''ધમ્મકોટ કેન્દ્ર'' રાજકોટ ૧૦ દિવસીય શિબિરોની માહિતી :**
30-05 to 10-06, 20-06 to 01-07, 04-07 to 15-07, 18-07 to 29-07, 01-08 to 12-08, 14 -08 to 25-08, 27-08 to 07-09, 08-09 to 19-09, 03-10 to 14-10, 16-10 to 27-10, 28-10 to 08-11, 09-11 to 20-11, 21-11 to 02-12, 05-12 to 16-12, 19-12 to 30-12

**૧૫-૨૦ વર્ષના યુવક/યુવતિઓ માટે ૭-દિવસીય શિબિર :** 2-6 to 10-6 (ફકત યુવતીઓ માટે)

**ફકત જૂના સાધકો માટે**

**૧૦ દિવસીય ગંભીર શિબિર :** 8-9 to 19-9

**સતિપટ્ઠાન શિબિરો :** 29-8 to 6-9, 7-12 to 15-12

**રાજકોટ સિટી ઓફીસ :** C/o. ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧. ફોન : 0281 - 2220861-866, M. : 94272 21591, **ફેક્સ :** 0281 - 2221384,
**E-mail :** <info@kota.dhamma.org>, **website :** www.vri.dhamma.org

**રાજકોટ સંપર્ક :** ચંદુભાઈ મહેતા, ફોન : R : 0281-2587599, M. 94282 03291 વિનોદભાઈ રાયચુરા M. 9427221591

**કેન્દ્ર : ''ધમ્મકોટ''** ખોખડદળ ગામ પછી, કોઠારિયા રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨. ફોન : 0281-2782040 M. : 9327923540

**રાજકોટના સાધકોએ પોતાનું નામ - મોબાઈલ નં. - ટેલિફોન નં. નીચેના મોબાઈલ નંબર ઉપર SMS કરે જેથી ભવિષ્યના જૂના સાધકોના પ્રોગ્રામની માહિતી આપના મોબાઈલ ઉપર SMS અથવા ટેલિફોન ઉપર જાણ કરી શકાય. M. 94272 21591 અથવા પોસ્ટકાર્ડ દ્વારા વિપશ્યના સિટી ઓફીસ, રાજકોટ ઉપર જાણ કરશો.**

**રાજકોટ : ફકત જૂના સાધકો માટે એક દિવસીય શિબિર**
'ધમ્મકોટ', મહિનાનો પહેલો રવિવાર જૂના સાધકો અને બાળકોની શિબિર (વાહન ભાભા ડાઈનિંગ હોલથી સવારે ૮ કલાકે) સમય ૯ થી ૫ ❊ રાજકોટ સિટીમાં : મહિનાનો બીજો રવિવાર સવારે ૮ થી ૩.૦૦, માસૂમ સ્કૂલ યુનિ. રોડ, એસ.એન.કે. સ્કૂલ પાછળ, ભોજન વ્યવસ્થા રાખેલ છે.

**સામૂહિક સાધના :** દર મંગળવારે સવારે ૭.૩૦ થી ૮.૩૦ એ-૩૮, કિરણ સોસાયટી, ગેલેક્સી સિનેમાની પાછળ, ❊ દર શુક્રવારે સવારે ૭.૩૦ થી ૮.૩૦, વિભાકર નિવાસ, ધારેશ્વર ચોક, ❊ દર શનિવારે સવારે ૭.૩૦ થી ૮.૩૦, કોટેચાનગર શેરી નં. ૧, અપના બજાર પાછળ, નયન વિહારની બાજુમાં, ❊ દર રવિવારે સવારે ૮ થી ૯, માસૂમ સ્કૂલ, યુનિ.રોડ, એસ.એન.કે. સ્કૂલ પાછળ ❊ મહિનાનો ત્રીજો રવિવાર સવારે ૮ થી ૧૦.૩૦ (સામૂહિક સાધના અને ધર્મ ચર્ચા) ચાણક્ય એપાર્ટમેન્ટ હોલ, શ્રોફ રોડ, જયહિન્દ પ્રેસની પાસે
❊ રોજ બપોરે ૩-૩૦ થી ૪-૩૦ સિટી ઓફિસ, ભાભા ડાઈનિંગ હોલ
❊ રોજ સમૂહ સાધના સોમ થી શનિ સાંજના ૬-૧૫ થી ૭-૧૫, કોટેચા નગર, શેરી નં. ૧, નયન વિહારની બાજુમાં

**બહેનોની સામૂહિક સાધના :** દર મહિનાના પહેલા શનિવારે સાંજે બહેનોની સામૂહિક સાધનાનું અલગ અલગ સાધિકા બહેનના નિવાસ સ્થાને આયોજન થાય છે.
સ્થળ અને સમય માટે સંપર્ક :-
(૧) ઉર્વીબેન સવજાણી - ફોન : ૨૫૭૬૭૪૮
(૨) ચેતનાબેન માવદીયા - ૯૨૨૭૪૬૬૨૨૮

**જૂનાગઢ :** **સામૂહિક સાધના :** મારૂતિનગર કોમ્પ્લેક્ષની પાછળ, અમૃતનગર દર રવિવારે સવારે ૮ થી ૯ સંપર્ક : રતિભાઈ ફોન : 0285 - 2620469, M. 9426912274

**ઉના :** હરેશ જે. ટીલવાની M. 9825061676

**મોરબી :** **એક દિવસીય શિબિર :** દર મહિનાના બીજા રવિવારે સવારે ૮ થી ૧, બોયઝ હાઈસ્કૂલ લાયબ્રેરી ઉપરનો હોલ, સદ્ભાવના હોસ્પિટલ પાસે
**સામૂહિક સાધના :** બુધવાર સવારે ૭ થી ૮, બોયઝ હાઈસ્કૂલ, સદ્ભાવના હોસ્પિટલ પાસે
સંપર્ક : ગિરધરભાઈ આદ્રોજા M. 93280 12809, ડો. કાનરિયા ફોન : 02822 - 227501 M. 99090 26026

**જેતપુર :** **એક દિવસીય શિબિર :** દર ચોથા રવિવારે ૭.૩૦ થી ૧.૦૦, દર રવિવારે સવારે ૮ થી ૯, પાટીદાર ડાઈંગ, નવાગઢ રોડ.
**સામૂહિક સાધના :** ડો. વાધવાણી હોસ્પીટલ, દરરોજ સવારે ૬ થી ૭, રાત્રે ૯.૧૫ થી ૧૦.૧૫,
સંપર્ક : હિતેષભાઈ ધોળિયા ફોન : 02823 - 224856 M. 99093 12946 અરવિંદભાઈ દવે ફોન : 02823 - 224020

**જામનગર :** **એક દિવસીય શિબિર :** દર બીજા રવિવારે બપોરે ૧૨ થી ૬
**સામૂહિક સાધના :** દર રવિવારે સાંજે ૫ થી ૬, નિરાધાર આશ્રમ, પેલેસ રોડ, એસ.બી.એસ. બેંકની પાછળ, સરૂ સેક્શન રોડ, જામનગર.
❊ જામ ખંભાળીયા - ભાણવડ - પોરબંદરના સાધકો માટે ભાણવડમાં શિબિરનું આયોજન કરેલ છે. તા. ૧૫/૯ થી ૨૬/૯/૨૦૦૭
સંપર્ક : હિનાબેન, M. 93289 05600, રમેશભાઈ મહેતા ફોન : 0288 - 2677761, સંજય ત્રિવેદી M. 93741 99523, ઇન્દુબેન મોઢા M. 94272 71002.

**મીઠાપુર :** હરિશ બી. ગોહિલ, M. 98246 19871

**જામ ખંભાળિયા :** તુલસીભાઈ ભાયાણી M. 94262 33699

**ભાવનગર :** **એક દિવસીય શિબિર :** મહિનાના બીજા રવિવારે, આરાધના ફ્લેટ, મેઘાલય સર્કલ,
**સામૂહિક સાધના :** દર રવિવારે ૭ થી ૮, આરાધના ફ્લેટ, મેઘાલય સર્કલ, સુભાષનગર ❊ દર ગુરૂવારે સાંજે ૬.૪૫ થી ૭.૪૫, ૧૦ વર્ષા સોસાયટી,
૧૦ દિવસીય શિબિરની ભાવનગરના સાધકો માટે ધમ્મકોટ કેન્દ્ર ઉપર રૂપે. વ્યવસ્થા કરેલ છે. ભાવનગરથી ધમ્મકોટની વાહન વ્યવસ્થા રાખેલ છે. તા. ૧૮/૭ થી ૨૯/૭/૨૦૦૭
સંપર્ક : અનિલભાઈ શાહ ફોન : 0278 - 3202002, M. : 94272 32145

**અમરેલી :** **એક દિવસીય શિબિર :** મહિનાના ત્રીજા રવિવારે સવારે ૯ થી ૪ દિકરાનું ઘર, વૃધ્ધાશ્રમ
**સામૂહિક સાધના :** દર રવિવારે સવારે ૮ થી ૯, ૧૫૮, ઓમ નગર, નટુભાઈ મકવાણા, ચિત્તલ રોડ, ૧૦ દિવસીય શિબિરની અમરેલીના સાધકો માટે ધમ્મકોટ કેન્દ્ર ઉપર રૂપે. વ્યવસ્થા કરેલ છે. અમરેલીથી ધમ્મકોટની વાહન વ્યવસ્થા રાખેલ છે. તા. ૨૦/૬ થી

**જૂના સાધકોનો સેમિનાર**

**તા. ૧૬ જૂન સવારે ૯ વાગ્યાથી તા. ૧૭ જૂન સાંજે પાંચ વાગ્યા સુધી રહેશે. શક્ય હોય તો તા. ૧૫ જૂનના રાત્રિ સુધી ધમ્મકોટ પહોંચી જવું. અન્યથા મોડામાં મોડું તા. ૧૬ જૂન સવારે ૯ વાગ્યા સુધીમાં પહોંચી જવું. આપનું આવેદન પત્ર વહેલું મોકલી આપવા વિનંતી.**

## જૂના સાધકો માટેના સેમિનારનું આવેદન પત્ર

હું તા: ૧૬-૬ સવાર થી તા: ૧૭-૬ સાંજ સુધી આવવા ઈચ્છું છું.

પુરું નામ : ______

ઉંમર : ______ પુરૂષ/સ્ત્રી : ______ શિક્ષણ : ______

સરનામું : ______

______

______

ફોન : ______ મોબાઈલ : ______ ઈ-મેઈલ : ______

વ્યવસાય (નોકરી/ધંધો/વિદ્યાર્થી) કંપનીનું નામ : ______

હોદો : ______ ધંધાની વિગત : ______

૧/૭/૨૦૦૭
**સંપર્ક:** દ્વારકાદાસ લલાડિયા ફોન : (02792) 223983 M. 9426231449, 9328612000

**સુરેન્દ્રનગર : <u>એક દિવસીય શિબિર :</u>** દર મહિનાના પહેલા રવિવારે, સવારે : ૧૧ થી ૫
**સ્થળ :** ૧૦, બેંકર્સ સોસાયટી, વઢવાણ
**સામૂહિક સાધના :** રોજ સવારે ૭.૩૦ થી ૮.૩૦, ૧૦, બેંકર્સ સોસાયટી, વઢવાણ, ❊ રોજ સાંજે ૬.૩૦ થી ૭.૩૦, બોસ્ટન રેસ્ટ હાઉસ, જૂના જંક્શન રોડ,
❊ ૧૦ દિવસીય શિબિરની સુરેન્દ્રનગરના સાધકો માટે ધમ્મકોટ કેન્દ્ર ઉપર સ્પે. વ્યવસ્થા કરેલ છે. સુરેન્દ્રનગરથી ધમ્મકોટની વાહન વ્યવસ્થા રાખેલ છે. તા. ૪/૦૭ થી ૧૫/૭/૨૦૦૭
સંપર્ક: જેનભાઈ M. 93746 03107, ડો. બાવીસી ફોન : R. 02852 - 2232564, 2395192, M. 99256 44399, મહાસતીજી : 02752-242030

## શિબિર કાર્યક્રમ

| | ધમ્મસિન્ધુ (બાડા) | ધમ્મકોટ (રાજકોટ) | ધમ્મપીઠ (અમદાવાદ) | ધમ્મદિવાકર (મહેસાણા) |
|---|---|---|---|---|
| દશ દિવસીય | 10/06 - 21/06<br>24/06 - 05/07<br>08/07 - 19/07 | 30/05 - 10/06<br>20/06 - 01/07<br>04/07 - 15/07 | 16/06 - 27/06<br>11/07 - 22/07<br>17/08 - 28/08 | 06/06 - 17/06<br>01/08 - 12/08 |
| સતિપટ્ઠાન | 27/05 - 04/06 | 29/08 - 06/09 | 15/09 - 23/09 | 07/07 - 15/07 |
| યુવતીઓ માટે ૭ દિવસીય | | (યુવતી) 02/06 - 10/06 | (યુવતી) 06/06 - 14/06 | |
| ૩ દિવસીય | - | - | 10/08 - 12/08 | 29/06 - 01/07 |
| ૨૦/૩૦ દિવસીય | 08/07 - 29/07 | - | - | - |
| ૧ દિવસીય | દર મહિનાના પહેલા રવિવારે | | દર મહિનાના છેલ્લા રવિવારે | ચોથા રવિવારે |

## પ્રશ્નોત્તરી

**પ્ર. ૧ ચક્રો પર વિપશ્યનાની શું અસર થાય છે ?**

**ઉત્તર :** ચક્રો એ બીજું કંઈ નહિ, પણ કરોડરજ્જુ પર આવેલા જ્ઞાનતંતુઓના કેન્દ્રો છે. વિપશ્યના તમને એ અવસ્થાએ પહોંચાડે છે, કે જ્યારે તમને શરીરના દરેકે દરેક અણુ-પરમાણુમાં થતી પ્રક્રિયાનો અનુભવ થવા લાગે છે. ચક્રો તો તેનો એક ભાગ માત્ર છે. આ પ્રક્રિયા આખા શરીરમાં અનુભવી શકાય છે.

**પ્ર. ૨ બાળકોને ધર્મ શીખવવા અંગે આપ શું માનો છો ?**

**ઉત્તર :** તેના માટેનો ઉત્તમ સમય બાળકના જન્મ પહેલાંનો છે. ગર્ભાવસ્થા દરમિયાન માતાએ રોજ વિપશ્યના કરવી જોઈએ. જેથી બાળક એને (ગર્ભમાં રહીને જ) પ્રાપ્ત કરે અને એક ધર્મ - બાળક તરીકે જન્મ પામે. પણ, જો તમને બાળક થઈ જ ગયા હોય, તો પણ તમે તેમને તમારી સાથે ધર્મના ભાગીદાર બનાવી શકો છો. બાળકો જો બહુ જ નાના હોય (આઠ વર્ષની નીચેની વયના) તો તમારી મૈત્રી - (વિપશ્યના - સાધનાની શિબિરના દશમાં દિવસે શીખવવામાં આવતી એક વિધિ જેમાં સાધક સર્વ જીવોને સદ્ભાવના અને કરૂણાના તરંગો વહેંચતાં શીખે છે) તમારી સાધનાની બેઠકના અંતે અને રાત્રે તેમના (બાળકોના) સૂવાના સમયે તેમના તરફ વાળો. આ રીતે પણ તમારી સાધનાનો તેમને લાભ થાય છે. એ પછી થોડાં મોટાં થાય ત્યારે તેઓ સમજી અને સ્વીકારી શકે તે રીતે તમે તેમને થોડી ધર્મની સમજણ આપો. અને જો તેઓ જરા વધુ સમજી શકે તેવાં હોય, તો થોડી મિનિટો માટે તેમને 'આનાપાન' શીખવો. પણ, કોઈપણ રીતે તેમના પર દબાણ લાવશો નહીં. તેમને ફક્ત તમારી સાથે બેસી રહેવા દો, થોડીવાર શ્વાસ જોવા દો અને પછી ભલે ચાલ્યાં જાય અને રમવા લાગે. આમ કરશો તો ધ્યાન તેમના માટે જાણે રમત બની જશે. એમાં એમને મઝા આવશે. પણ, સૌથી મહત્વનું તો એ કે તમારે પોતે સ્વસ્થ અને ધર્મસંગત જીવન જીવવું જોઈએ અને તમારાં બાળકો માટે તમારે સારો દાખલો બેસાડવો જોઈએ. તમારા ઘરમાં એવું સુખ - શાંતિ ભર્યું, એવું સંગીન વાતાવરણ રચવું જોઈએ કે તેમના સુખી - સ્વસ્થ માનવી તરીકેના ઘડતરમાં મદદરૂપ થાય. આ સૌથી ઉત્તમ ચીજ છે, જે તમે તમારાં બાળકો માટે કરી શકો.

**પ્ર. ૩ સાવ નાનકડાં (ધાવણાં) બાળકોની માતાઓ કે જેમને પોતાની સાધના ચાલુ રાખવામાં મુશ્કેલી પડી રહી છે - તેમને આપ શી સલાહ આપશો ?**

**ઉત્તર :** એમાં મુશ્કેલી શા માટે પડવી જોઈએ ? બાળક ખોળામાં હોય અને સાથે સાથે સાધના પણ ચાલુ રાખી શકો. બાળકને તમે મૈત્રી આપી શકો, બીજાઓને પણ મૈત્રી આપી શકો. દરેક સંજોગમાં ધર્મને સાધનાને ચાલુ રાખતાં તમારે શીખવું જોઈએ. તમારી ફરજો બજાવવામાં ધર્મનો ઉપયોગ કરો (સહારો લો) ધર્માનુસાર બાળકની સંભાળ લેવી એ માતાની ફરજ છે.

કુલ કેટલી શિબિર કરી? : ____________________

| ૧૦ દિ. | ૨૦ દિ. | ૩૦ દિ. | ૪૫ દિ. | સતિ પટ્ઠાન | સેવા ૧૦ દિ | સેવા ૨૦ દિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

આપ ક્યા ક્ષેત્રમાં પારંગત છો? ____________________

આપ ક્યા પ્રકારની સેવા આપવા ઇચ્છો છો? ____________________

કોઈ વખત વિશેષ ધમ્મ સેવાની જરૂરત હોય તો આપનો સંપર્ક કરી શકીએ ? ____________________

તારીખ : ____________ સહી :

## જૂના સાધકોનો સેમિનાર તા. ૧૬ થી ૧૭ જૂન ધમ્મકોટ ખાતે :

આપણા ક્ષેત્રમાં વધુને વધુ ભાઈ બહેનોને વિપશ્યનાની જાણકારી મળે તથા ધમ્મ સેવા કરવા માટેની પ્રેરણા મળે, આપણે સક્રિય રીતે સહયોગી થઈ શકીએ તે માટે આ સેમિનારનું આયોજન ધમ્મકોટ ખાતે ૧૬ અને ૧૭ જૂનના રોજ કરવામાં આવેલ છે.

આ સેમિનારમાં ચિંતન - મનન - વાર્તાલાપ દ્વારા વરિષ્ઠો પાસેથી આવશ્યક માર્ગ દર્શન મળશે અને પૂ. ગુરુજીની પ્રેરક માર્ગદર્શક વાણી દ્વારા આપણી ધર્મની સમજને અને સાધનાને પુષ્ટ કરવાનો અવસર મળશે. સાથે સમૂહ સાધનાનો લાભ મળશે.

આ સેમિનાર વધારે લાભ દાયક રહે એ નિમિત્તે જે કાંઈ સૂચનો આપના આ વિષય સંબંધી હોય અથવા આપના વિચારો / અનુભવો / પ્રશ્નો લખી મોકલવા વિનંતી.

આ સેમિનારનો લાભ લેવા આપને આગ્રહભર્યું નિમંત્રણ છે. આ સાથે સંલગ્ન ફોર્મ ભરી મોકલવા વિનંતી. જેથી સમયસર આપને સંમતિપત્ર મોકલી શકાય. આપની સાધનાને બળ મળો.

### દોહા ધરમના

બુદ્ધ હોય તો ધરમ કા, શુદ્ધ પંથ દિખલાય ।
સમ્પ્રદાય કે જાતિ કે, બાડે બંધન ન પાંય ॥
દર્શન વાદ વિવાદ કા, રહે ન સિર પર ભાર ।
સત્ય દેખતે દેખતે, દિખે સત્ય કા સાર ॥
દર્શન જબ સમ્યક્ બને, તો સમ્યક્ હો જ્ઞાન ।
તો હી સમ્યક્ મુક્તિ હો, પ્રકટે પદ નિર્વાણ ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨ - રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫
ફોન : ૨૨૧૨૪૦૧-૨-૩ની મંગળકામનાઓ સાથે

### દોહા ધરમના

જહાં કલ્પના પ્રમુખ હો, હોવે ઝૂઠ પ્રધાન ।
સત્ય છુટે તો ના જગે, પરમ સત્ય કા જ્ઞાન ॥
કદમ કદમ પર સત્ય હી, અનુભવ હોતા જાય ।
એસા સતપથ ધરમ કા, મંજિલ તક પહુંચાય ॥
સન્ત વહી જો ચિત્ત કો, નિર્મલ શાંત બનાય ।
સાધે મંગલ સ્વયં કા, જન મંગલ સધ જાય ॥

**ટ્રાંસમેટલ લિમિટેડ**
૩૦૧-બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર.સી.દત્ત રોડ,
વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ની મંગળકામનાઓ સાથે

- **ધમ્મસિંધુ - માંડવી (કચ્છ)** : કચ્છ વિપશ્યના કેન્દ્ર, ગામ-બાડા, તા. માંડવી-૩૭૦૪૭૫. ફોન : ૦૨૮૩૪-૨૭૩૬૧૨, ૦૨૮૩૨-૨૫૨૧૮
- **ધમ્મકોટ-રાજકોટ** : સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર, કોઠારિયા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨. ફોન : ૦૨૮૧-૨૭૮૨૦૪૦, ૯૩૨૭૯ ૨૩૫૪૦
- **ધમ્મપીઠ - અમદાવાદ** : ગુર્જર વિપશ્યના કેન્દ્ર, ગામ : રનોડા, તા. ધોળકા, જિ.અમદાવાદ-૩૮૭૮૧૦ ફોન : ૦૨૭૧૪-૨૨૨૪૭૩, ૦૭૯-૨૨૧૭૧૧૭૮
- **ધમ્મ દિવાકર** - મહેસાણા : ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર, ગામ : મિઠા તા. જિ. : મહેસાણા. ફોન : ૦૨૭૬૨-૨૭૨૮૦૦, ૨૫૪૬૩૪.

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાનઃ નાઈસ આર્ટ, 'મુક્તિરામ કોમ્પલેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧ ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૧.

વિપશ્યના ૨ મે, ૨૦૦૭ આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઇગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

| | |
|---|---|
| ચાર વર્ષનું લવાજમ | : રૂ. ૧૦૦/- |
| વાર્ષિક લવાજમ | : રૂ. ૩૦/- |

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2008)

Posting day-25th of every month,
Posted at Rajkot - 360 001.
Write PIN CODE for Correct Delivery

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
3-A, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે,
માલવિયા ચોક, રાજકોટ. ફોન : ૨૨૩૩૧૯૦
સિટી ઓફિસ : ફોન - (૦૨૮૧) ૨૨૨૦૮૬૧-૮૬૬
મોબાઈલ : ૯૪૨૭૨ ૨૧૫૯૧
email : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org